# તિમોથી, પાઉલનો આધ્યાત્મિક પુત્ર
## ફાધર વર્ગીસ પૉલ

પ્રેષિતોનાં ચરિતો તેમજ તિમોથીને ઉદ્દેશીને પાઉલે લખેલા બે પત્રો સહિતના સંત પાઉલના વિવિધ પત્રોમાંથી આપણને તિમોથી અંગે ઘણુંખરું જાણવાનું મળે છે.

પાઉલ પોતાના પ્રથમ પત્રમાં તિમોથી માટે 'શ્રદ્ધામાં મારો ખરો પુત્ર' અને બીજા પત્રમાં 'મારો પ્રિય પુત્ર' એવા શબ્દો વાપરે છે. એટલું જ નહીં, પાઉલ પોતાનાથી ઘણા જા ુવાન અને તિમોથીને 'બંધુ' અને 'મારો સહકાર્યકર' તરીકે પણ સંબોધન કરે છે.

તિમોથીની માતા ખ્રિસ્તી હતી અને પિતા ગ્રીક હતા. 'પ્રેષિતોના ચરિતો'માં સંત લૂક તિમોથીનો પરિચય આપતાં કહે છે, "પછી તે દેબર્ અને લુસ્ત્રા પણ ગયો ત્યાં તિમોથી નામે એક શિષ્ય હતો. તેની મા ઈસુને માનનાર યહૂદી હતી, પણ બાપ ગ્રીક હતો. લુસ્ત્રા અને ઇકોનિયાના ધર્મબંધુઓમાં તિમોથીનું સારું માન હતું. એ પોતાની સાથે આવે તેમ પાઉલ ઇચ્છતો હતો. એનો બાપ ગ્રીક હતો એ બધા જાણતા હતા, એટલે એ પ્રદેશના યહૂદીઓને ખાતર પાઉલે તેની સુન્નત કરાવી" (પ્રેષિતોના ચરિતો ૧૬, ૧-૩).

પાઉલે તિમોથીને પોતાની સમકક્ષ દરજ્જો આપ્યો છે. તેથી જ તે કરિંથીઓને કહે છે, "તિમોથી આવે તો તે તમારી વચ્ચે નિશ્ચિંતપણે રહી શકે એની કાળજી રાખજો, કારણ, તે પણ મારી પેઠે પ્રભુનું જ કાર્ય કરે છે. એટલે કોઇ એનો તુચ્છકાર કરશો નહિ. તમે એને જોઇતું કરતું આપીને વિદાય કરી દેજો, જેથી એ મારી પાસે આવી પહોંચે. ધર્મબંધુઓ સાથે હું એની રાહ જોઉં છું." (૧ કરિંથ ૧૬. ૧૦-૧૧)

તિમોથી ખ્રિસ્તના પ્રચાર માટે પાઉલના વિશ્વાસુ રાજદૂત છે, સંદેશવાહક છે અને વિપરીત સંજોગોમાં પણ વિશ્વાસને મજબૂત કરે છે. એટલે થેસ્સલોનિકા ખાતેના સતામણીગ્રસ્ત ધર્મસંઘી ખાતે તિમોથીને મોકલતાં પાઉલ લખે છે, "અને અમારા ભાઇ અને ખ્રિસ્તના શુભસંદેશના પ્રચારમાં ઈશ્વરના સહકાર્યકર તિમોથીને અમે એટલા માટે મોકલ્યો કે, તે તમને દૃઢ બનાવે અને તમને શ્રદ્ધામાં અડગ રહેવાની હિંમત આપે, જેથી આ કષ્ટોથી તમારામાંનો કોઇ ચલાયમાન ન થાય; તમે તો જાણો જ છો કે, આ જ આપણું નિર્માણ છે" (૧ થેસ્સલોનિકા ૩, ૨-૩).

તિમોથીનું મૂલ્ય પાઉલના એ શબ્દોમાં વિશેષપણે પ્રતિબિંબિત થાય છે કે, "એના સમું મારી પાસે બીજું કોઇ નથી". ફિલિપ્પીઓ પરના પત્રમાં પાઉલ નોંધે છે: "હું ભગવાન ઈસુની કૃપાથી તિમોથીને ટૂંક સમયમાં તમારે ત્યાં મોકલવાની આશા રાખું છું, જેથી તમારા સમાચાર મળતાં મને પણ ઉત્સાહ ચડે. મારી સાથે એકજીવ થઇ ગયેલો એના જેવો મારી પાસે બીજો કોઇ નથી, જેને તમારા હિતની સાચી ચિંતા હોય; કારણ, સૌ

સ્વાર્થના સગા છે, કોઇને ઈસુ ખ્રિસ્તની પડી નથી. પણ તિમોથી તો નીવડેલો સેવક છે એ તમે જાણો છો. કોઇ પુત્ર પોતાના પિતાની સાથે કામ કરે તેમ તેણે મારી સાથે શુભસંદેશની સેવામાં કામ કર્યું છે" (ફિલિપ્પી ૨, ૧૯-૨૨).

તિમોથી લુસ્ત્રામાં રહેતો હતો. પાઉલ અને બાર્નાબાસે પોતાના પ્રથમ મિશનરી પ્રવાસમાં લુસ્ત્રા શહેરની મુલાકાત બે-બે વાર લીધી હતી. તિમોથી ખ્રિસ્તી હતો, ને તેની માતા યુનિસ તથા નાની લોઈસ પણ ખ્રિસ્તી હતી. પ્રથમ વાર પાઉલને પથ્થરે મારીને અધમૂઓ કરવામાં આવ્યો હતો, પણ ખ્રિસ્તી શિષ્યોએ પાઉલને બચાવ્યો અને શહેરમાંથી ભાગી છૂટવામાં મદદ કરી હતી.

પાઉલે વેઠેલી સતામણી તિમોથીએ જાણી હોય જ, અને પાઉલ સાથે જોડાઇને શુભસંદેશના પ્રચારનો શો અર્થ છે એ પણ જાણ્યું હોય જ.

તિમોથીના લાભાથેર્ પાઉલે પોતાને હચમચાવી નાખનાર અનુભવોની વાત તિમોથી પરના પોતાના બીજા પત્રમાં જણાવી છે. "પણ તું તો મારા ઉપદેશને, વર્તનને અને જીવનધ્યેયને અનુસરતો આવ્યો છે, મારી શ્રદ્ધા, ધીરજ, દૃઢતા; અંતિયોખ, ઇકોનિયા અને લિસ્ત્રામાં થયેલી મારી સતામણીઓ અને કષ્ટો તને અજાણ્યાં નથી; કેવી કેવી સતામણીઓ મૈં વેઠી છે એ બધું તું જાણે છે. પણ પ્રભુએ મને એ બધામાંથી ઉગારી લીધો છે" (૨ તિમોથી, ૩,૧૦-૧૧).

તિમોથી ઇચ્છાને આધીન થઇને પાઉલ સાથે જોડાયો અને જેમને ખબર હતી કે તેના પિતા ગીક હતા એવા યહૂદી ખ્રિસ્તીઓ મધ્યે તેણે પોતાની જાતનો સ્વીકાર થાય એ માટે સુન્નત પણ કરાવી.

'હુઝ હુ, ધી ન્યૂ ટેસ્ટામેન્ટ'માં રોનાલ્ડ બાઉનરિગ લખે છે : "પાઉલ અને સિલાસ મસેડોનિયાના પ્રવાસે પોતાની સાથે તિમોથીને લઇ ગયા. પણ ફિલિપ્પી ખાતે પાઉલ અને સિલાસને ભોગવવી પડેલી અત્યંત ક્રૂર પરેશાનીમાંથી તિમોથી ગમે તે રીતે બચી ગયો હતો."

ઈશ્વરના શુભસંદેશની ઘોષણા કરવાનો તિમોથીને ઘણી જા ્ વાન વયે અધિકાર પ્રાપ્ત થઈ ગયો હતો. તિમોથી પરના પોતાના પ્રથમ પત્રમાં પાઉલે તિમોથીને આપેલી સૂચનાઓથી આ સ્પષ્ટ થાય છે. "તું જા ્ વાન છે એ કારણે કોઈ તારી અવજ્ઞા ન કરે એ જોજે. બલકે, વાણીમાં અને વર્તનમાં, પ્રેમમાં અને શ્રદ્ધામાં તેમજ પવિત્રતામાં વિશ્વાસીઓને માટે તું આદર્શરૂપ બની રહેજે. હું આવું ત્યાં સુધી શાસ્ત્રપઠન, પ્રવચન અને ઉપદેશમાં મન પરોવજે. સંઘના વડીલોએ તારે માથે હાથ મૂક્યા હતા ને તારે વિશે પયગંબરી વાણી ઉચ્ચારાઈ હતી ત્યારે તને બક્ષવામાં આવેલ વિશિષ્ટ શક્તિની ઉપેક્ષા કરતો

નહિ. આ બાબતોનું જ તું ધ્યાન ધરજે, એમાં જ તું તન્મય થઈ જજે, જેથી તારી પ્રગતિ સૌ કોઈ સ્પષ્ટપણે જોઈ શકે" (૧ તિમોથી ૪, ૧૨-૧૫).

પોતાના જ સ્વાનુભવોને ટાંકીને પાઉલ તિમોથીને કહે છે કે ઈશ્વરના શુભસંદેશની ઘોષણા કરવાના કાર્યમાં સંઘર્ષ અને સતામણીઓ`` એક ભાગરૂપ બનીને આવે છે. 'ઓલ ધી મેન ઑઆફ ધી બાયબલ'માં હુર્બર્ટ લોક્યિરે જણાવ્યા મુજબ, શુભસંદેશના દુ:ખો વેઠવામાં પણ તિમોથી પાઉલની સાથે હતો.

તિમોથી માટે પાઉલ પ્રેરણા અને શક્તિનો સોત રહ્યો હશે. પાઉલ તિમોથી પરના પોતાના બીજા પત્રમાં લખે છે. "આથી આપણા પ્રભુ વિશેની સાક્ષી પૂરતાં શરમાઈશ નહિ, તેમજ હું તેમને ખાતર બંદી છું એથી પણ શરમાઈશ નહિ. પણ ઈશ્વર તરફથી મળતી શક્તિને જોરે શુભસંદેશને ખાતર કષ્ટો વેઠવામાં ભાગ પડાવજે" (૨ તિમોથી ૧, ૮).

રોમમાં તિમોથી કારાવાસમાં રહ્યો હોઈ શકે. બાઇબલના વિદ્વાનો જેના લેખક તરીકે પાઉલને જણાવે છે તે હિબ્રૂઓના પત્રના ૧૩મા અધ્યાયમાં કહેવાયું છે કે, "તમને માલૂમ થાય કે, આપણા ધર્મબંધુ તિમોથીને છોડી મૂકવામાં આવ્યો છે, અને તે જો વેળાસર આવી પહોંચશે તો હું તેની સાથે જ તમને મળવા આવીશ" (હિબ્રૂઓ ૧૩, ૨૩).

'હુઝ હુ ધ ન્યૂ ટેસ્ટામેન્ટ' ગંથમાં રોનાલ્ડ બાઉનરિગના જણાવ્યાનુસાર ચોથી સદીના ધર્મસંઘના ઇતિહાસકાર અને સિસેરાના બિશપ યુસેબિયસે નોંધ્યું છે કે તિમોથી એફેસસનો પ્રથમ બિશપ બન્યો હતો.